# મંગળવારે વર્ષનું છેલ્લું ચંદ્રગ્રહણ

## વિક્રમ સંવત ૨૦૭૯નું આ પ્રથમ ગ્રહણ છે : મેષ રાશિ અને ભરણી નક્ષત્રમાં થનાર છે

ગાંધીનગર, તા. ૪

મંગળવારે ૮મી નવેમ્બરે પૂનમના દિવસે વર્ષનું છેલ્લું ચંદ્રગ્રહણ જોવા મળશે. સૂતકના સમયગાળા દરમિયાન મંદિરો બંધ રહે છે અને બધા પ્રકારનાં પૂજા-પાઠ બંધ રાખવામાં આવે છે.



વિષ્ણુ વૈષ્ણવ જ્યોતિષાચાર્યના જણાવ્યા મુજબ વિક્રમ સંવત ૨૦૭૯નું આ પ્રથમ ગ્રહણ છે. મેષ રાશિ અને ભરણી નક્ષત્રમાં થનાર છે. સનાતન ધર્મમાં ગ્રહણને અશુભ માનવામાં આવે છે. પછી તે ચંદ્રગ્રહણ હોય કે સૂર્યગ્રહણ. ગ્રહણ પૃથ્વી પરના વાતાવરણને અસરકર્તા હોય છે. તેથી તેની અસર અલગ અલગ માનવજીવન, પશુ-પક્ષી ઉપર પણ જોવા મળે છે. ઈ.સ.ના ગત વર્ષે ૧૬ મે ના રોજ પહેલુ ચંદ્રગ્રહણ થયું હતુ અને આ વર્ષના અંતે બીજું ચંદ્રગ્રહણ થશે.

દિપાવલી સમયમાં થયેલા સૂર્યગ્રહણ બાદ તરત જ ૧૫ દિવસમાં આ ગ્રહણ છે. જે પૃથ્વી પર અનેક ઘટનાઓનાં સંકેત આપે છે. મોટી જાનહાનિ, રોગ તેમજ કાતિલ ઠંડીનો પ્રભાવ હશે.

આ ગ્રહણ એશિયા, ઓસ્ટ્રેલિયા, પેથેફિક અને અમેરિકામાં દેખાશે. સંપૂર્ણ ગ્રહણ લગભગ ૪ કલાક રહેશે.

ભારતના પૂર્વ ભાગમાં આ ખગ્રાસ રૂપે દેખાશે. આખો ચંદ્ર ઢંકાયેલો દેખાશે. ભારતના પશ્ચિમ ભાગમાં ખંડગ્રાસ રૂપે દેખાશે.

આ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે જેથી સૂતકકાળ ગણાશે. ખગોળશાસ્ત્ર મુજબ ગ્રહણને ખગોળીય ઘટના ગણવામાં આવે છે.

જ્યોતિષશાસ્ત્રના આકલનથી ખગોળીય ઘટનાને ગણતરીપૂર્વક સચોટ રીતે જાણી શકાય છે તેની અસરો વિશે પણ સંપૂર્ણ સમર્થન મળે છે. બ્રહ્માંડમાં ખાસ સમયે આકાર લેતી આ ઘટનાઓની પૃથ્વી પરની સજીવ સૃષ્ટિ પર અસર જોવા મળે છે.

માનવ તો ઠીક પક્ષીઓના વર્તાવ પર અસર સ્પષ્ટ જોઈ શકાય છે. જેમાં અંધશ્રદ્ધાને કોઈ અવકાશ નથી. આકાશમાં બનતી ઘટના ભચક્રમાં ગ્રહોના ખાસ અંતરે રાશિઓના ક્ષેત્રમાં અને પૃથ્વી પરના ખંડો પર અચૂક અસર છોડી જાય છે.

આ ગ્રહણ ભારતમાં દેખાશે જેથી ખાસ સૂતકકાળ ધ્યાને લેવાનો રહેશે. પાળવાનો રહેશે.

ગ્રહણ ત્યારે જ થાય છે કે ભચક્રમાં ગતિ કરતા સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી જ્યારે એક જ લાઈનમાં ખાસ અંતરે આવે છે. આ ઘટનાના સમયને ખગોળ અને જ્યોતિષશાસ્ત્રની ગણતરી મુજબ જાણી શકાય છે જે સચોટ અને સૂક્ષ્મ હોય છે. સામાન્ય રીતે જ્યારે પૃથ્વી, સૂર્ય અને ચંદ્ર વચ્ચે આવે ત્યારે પૃથ્વીનો પડછાયો ચંદ્ર પર પડે છે જેથી ચંદ્ર આંશિક કે પૂર્ણ રૂપે ઢંકાઈ જાય છે. દેખાતો બંધ થઈ જાય છે.

સામાન્ય રીતે હિંદુ શાસ્ત્રોક્ત રીતે સૂર્ય અને ચંદ્ર બન્નેના ગ્રહણ સમય દરમ્યાન શુભ કાર્યો કરવામાં નથી આવતા. કારણ કે વાતાવરણના ફેરફાર અને કલુષિતતાના કારણે ખરાબ અસરનો સમય હોય છે. જેમાં વૈજ્ઞાનિક કારણ સમાયેલું છે. જેની સામાન્ય માનવજીવન પર અસર થાય છે. જે માંગલિક કાર્યો માટે હાનિકર્તા ગણાય.

નીચે મુજબની રાશિઓ પર ગ્રહણની ખરાબ અસર થશે.

**મેષ રાશિ :** શરીર પીડા, ઘાતના યોગ

**વૃષભ રાશિ :** માનહાની તથા ધનહાનિ.

### ગર્ભવતિ મહિલાઓને આ ગ્રહણ પ્રભાવિત કરી શકે છે

આ સમય દરમ્યાન ગર્ભવતિ મહિલાઓએ ખાવા-પીવામાં ખાસ ધ્યાન રાખવું જોઈએ. ખોરાક પર વાતાવરણની ખાસ અસર જોવા મળે છે.

ગર્ભમાં રહેલા શીશ પર વાતાવરણની તુર્તજ અસર થતી હોઈ, એટલે કે ચામડીને અસર થતી હોઈ ગ્રહણ પૂર્ણ થયા બાદ આવી માતાઓએ સ્નાન કરવું જોઈએ. ઘરમાં દરેક જગ્યાએ દૂર્વા-ધરો મુકવો જોઈએ. અને અશુભ અસરથી બચવા વૈજ્ઞાનિક ઉપાય કરવા જોઈએ.

### ગ્રહણનો સમય

ગ્રહણ સ્પર્શ : ૧૪ કલાક : ૩૯ મિનિટ
ગ્રહણ મધ્ય : ૧૬ કલાક : ૩૦ મિનિટ
ગ્રહણ મોક્ષ : ૧૮ કલાક : ૧૯ મિનિટ

**કન્યા રાશિ :** પરિવારમાં વિવાદ, મહાકષ્ટ, રોગ

**મકર રાશિ :** અંગપીડા, જવાબદારી, માતાને કષ્ટ

**શુભફળ મળે** - રાશિઓને શુભ

**મિથુન** - કાર્યસફળતા આકસ્મિક લાભ

**કર્ક રાશિ** - ધંધામાં વિઘ્ન છતાં કાર્યસિદ્ધિ

**વૃશ્ચિક રાશિ** - સમૃદ્ધિ વધે, વિજય થાય

**કુંભ રાશિ** - ધનલાભ, કાર્યમાં સફળતા

તેમજ અન્ય રાશિવાળા જાતકોને મિશ્રફળ મળે.

આ ગ્રહણ ચંદ્રગ્રહણ છે. ચંદ્ર માતાનો કારક છે. માતૃત્વ હણાય છે. આથી આ ગ્રહણની ખાસ કાળજી ગર્ભવતી મહિલાઓ-માતાઓએ લેવાની રહેશે.

ચંદ્રગ્રહણના વેધ સમય દરમ્યાન ગર્ભવતી સ્ત્રીઓએ બહાર નીકળવું જોઈએ નહિ. વાતાવરણની કલુષિત અસર ગર્ભ પર પડવાની સંભાવના રહી શકે છે. નકારાત્મક ઉર્જાની અસર થઈ શકે.

આ સમય દરમ્યાન મહિલાઓએ હાથ-પગ વાળીને બેસવું ન જોઈએ. આ ગર્ભવતિ મહિલાઓએ ધારદાર વસ્તુ છરી, ચપ્પુ, લોખંડની વસ્તુના ઉપયોગથી આ સમયે દર દૂર રહેવું.

ગર્ભવતિ મહિલાઓએ ગ્રહણના સમયે ચંદ્ર તરફ જોવા પ્રયત્ન ન કરવો જોઈએ.

વધુમાં પાસે સેફટી પીન ધાતુની પીનો ન રાખવી જોઈએ.

# કેએસવી ખાતે ગુજરાત ગણિત મંડળનું ૫૯મું અધિવેશન યોજાયું

## ઈસરોના ડાયરેકટર નિલેશ દેસાઈ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં





ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગર અને કડી ખાતેના 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', તેમજ શહેરના 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના યજમાનપદે 'ગુજરાત ગણિત મંડળ'ના ૫૯મા વાર્ષિક અધિવેશનનો ઉદઘાટન સમારોહ અમદાવાદના ઈસરોના ડાયરેકટર નિલેશ દેસાઈના મુખ્યમહેમાન પદે અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના અતિથિ પદે, તેમજ ગુજરાત ગણિત મંડળના પ્રમુખ ડૉ. વિઠ્ઠલભાઈ પટેલના અધ્યક્ષપદે શેઠશ્રી ખીમજી વિસરામ સંસ્કાર ભવનમાં તા.૪ નવેમ્બર ૨૦૨૨ના રોજ યોજવામાં આવ્યો હતો.

સમારોહના પ્રારંભમાં વિશ્વવિદ્યાલયના કાર્યકારી ડાયરેકટર ડૉ. ગાર્ગી રાજપરાએ આમંત્રિત મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કરવાની સાથે જ શિક્ષણમાં ગણિતની ભૂમિકા વિશે સમજાવ્યું હતું.

આ પ્રસંગે સન્માનનીય મુખ્ય મહેમાન નિલેશ દેસાઈએ પોતાના સુચિંતનીય ઉદબોધનના પ્રારંભમાં તા. ૪ નવેમ્બરનું ગણિતશાસ્ત્ર સંદર્ભે ભારતીય અને વૈશ્વિક પરિપેક્ષ્યમાં મહત્વ રજૂ કરીને મંગલયાન, ચંદ્રયાન વગેરેમાં ગણિતની ભૂમિકા કેટલી મહત્વપૂર્ણ છે તે વિશે વિગતે વાત કરી હતી. 'ગુજરાત ગણિત મંડળ'ના પ્રમુખ અને અમેરિકા કેલિફોર્નિયા સ્ટેટ પોલિટેકનિકના ગણિતશાસ્ત્રના શિક્ષકે શિક્ષકત્વ દીપાવવા માટે શું કરવું જોઈએ તે વાત પોતાના આદર્શ ગુરુજનો- નાથાભી દેસાઈ અને પ્રો. આઈન્સ્ટાઈનનાં આચાર-વિચાર થકી તેમજ કાકાસાહેબ કાલેલકરનું અધ્યાપકો વિશેનું અવતરણ રજૂ કરીને સમજાવી હતી. મંડળના મંત્રી કૌશલ શાહે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે 'ગુજરાત ગણિત મંડળ'ના ઉપક્રમે એ.આર.રાવ ફાઉન્ડેશન દ્વારા અર્પણ કરવામાં આવતાં એવોર્ડસ હેમાબેન વસાવડા, મેઘરાજ ભટ્ટ, નિમિશ શાહ અને પી.કે. વ્યાસને પ્રો. મહાવીર વસાવડાના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પ્રો. પી.કે. વ્યાસ દ્વારા ગુજરાત ગણિત મંડળને આપવામાં આવેલ સેવાઓના ઉપલક્ષ્યમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ૫૯માં વાર્ષિક અધિવેશનની સ્મરણિકાનું વિમોચન, તેમજ 'ગણિત પ્રદર્શની'નું ઉદઘાટન મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. સમારોહના અંતમાં એમ.એસસી. આઈટી. વિભાગના વડા ડૉ. ભદ્રેશ પંડયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# દાવેદારોએ છેલ્લી ઘડીએ ટિકિટ માટે એડીચોટીનું જોર લગાવ્યું

## ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો માટે ભાજપ- કોંગ્રેસના દાવેદારોમાં રસાકસી : આપ પાર્ટી દ્વારા મળશે માણસા બેઠકનું સસ્પેન્સ

ગાંધીનગર, તા.૦૪

આજે ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની તારીખો જાહેર કરી દેવામાં આવી છે જે અનુસાર આગામી તારીખ પહેલી અને પાંચમી ડિસેમ્બરે રાજ્યમાં બે તબક્કામાં મતદાન યોજાશે. ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા બેઠકો માટે ચૂંટણી જંગ બીજા તબક્કામાં પાંચમી ડિસેમ્બરે ખેલાશે. અત્યારે રાજ્યમાં ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ નિશ્ચિત દેખાઈ રહ્યો છે જેમાં ભારતીય જનતા પાર્ટી, રાષ્ટ્રીય કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લાની બેઠકોમાં આમ આદમી પાર્ટી સિવાય અન્ય કોઈ પક્ષે હજુ સુધી તેના ઉમેદવારો જાહેર કર્યા નથી જેના કારણે ટિકિટના દાવેદારો હજુ પણ પાર્ટી કાર્યાલય પર ધસારો કરી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લામાં કુલ પાંચ વિધાનસભા બેઠકો છે જેમાં ગાંધીનગર ઉત્તર, ગાંધીનગર દક્ષિણ, દહેગામ, કલોલ અને માણસા બેઠકનો સમાવેશ થાય છે. જિલ્લાની પાંચેય બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ બંનેમાં અસંખ્ય દાવેદારોએ ટિકીટ મેળવવા પોતાની દાવેદારી નોંધાવી છે જોકે બંનેમાંથી એક પણ પક્ષે હજુ પણ એકપણ બેઠકના ઉમેદવારનું નામ જાહેર કર્યું નથી.

આ સાથે વિધાનસભા ચૂંટણી લડી રહેલી આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર જિલ્લાની પાંચ પૈકી ચાર બેઠકો પર પોતાના ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે જ્યારે માણસા બેઠકના ઉમેદવારનું નામ હજુ જાહેર કરાયું નથી. ભાજપમાંથી ઉમેદવારે દાવેદારી કરનારા દાવેદારોમાં ગાંધીનગર પૂર્વ મેયર અને મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનથી માંડીને પૂર્વ ડેપ્યુટી મેયરો ઘણા બધા દાવેદારો પોતાનું નસીબ અજમાવી રહ્યાં છે. ગાંધીનગરની બંને બેઠકો માટે મહિલા ઉમેદવારોની દાવેદારી પણ નોંધપાત્ર સંખ્યામાં જોવા મળી રહી છે. બીજી તરફ કોંગ્રેસમાંથી પણ જિલ્લાની બેઠકો માટે મોટી સંખ્યામાં દાવેદારોએ ટિકિટ ટિકિટ મેળવવા માટે રીતસર જાણે જંગ છેડ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ઉત્તર, કલોલ અને માણસા બેઠક હાલ કોંગ્રેસના હાથમાં છે જ્યારે ગાંધીનગર દક્ષિણ અને દહેગામ બેઠક ભાજપ પાસે છે. હવે જ્યારે ચૂંટણી પંચે ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે ત્યારે દાવેદારોએ છેલ્લી ઘડીના પ્રયાસો હાથ ધર્યા છે અને ટિકિટ મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે.

દાવેદારો દ્વારા પોતપોતાની રાજકીય વગ અને લોબીનો દબાણપૂર્વક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેમજ જાતિવાદી સમીકરણો પોતાની તરફે હોવાનું દર્શાવવા ટેકેદારોનો સહારો લેવામાં આવી રહ્યો છે. ભાજપના પાર્લામેન્ટરી બોર્ડની બેઠકો પણ શરૂ થઈ જવા પામી છે અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પોતે આ બેઠકમાં હાજરી આપી રહ્યા છે ત્યારે ગાંધીનગર જિલ્લાની બેઠકો પર કયા ઉમેદવારને ટિકિટ મળશે તે રસપ્રદ બની રહ્યું છે.

# મતદાનના બન્ને દિવસે અટળક લગ્નોનું આયોજન

## લગ્ન માટે હોલ અને વિડિયોગ્રાફરો મળવા મુશ્કેલ બનશે



ગાંધીનગર, તા.૦૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે જ રાજ્યભરમાં લગ્નગાળાની સીઝન પણ ખીલી ઊઠશે. ચૂંટણી પંચે ગુજરાતમાં તા.૧લી ડિસેમ્બર અને તા.૫મી ડિસેમ્બરે ચુંટણી માટે મતદાનની તારીખ જાહેર કરી છે. નવેમ્બરના અંતિમ સપ્તાહમાં ૫ દિવસ તેમજ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં બે મળીને કુલ ૭ દિવસ લગ્ન માટે શ્રેષ્ઠ મુહૂર્ત છે ત્યારે લગન્ અને ત્યારબાદ રિસેપ્શનના કાર્યક્રમો હોય આ દિવસોમાં ચૂંટણી જાહેર થતા હવે લગ્નગાળો ચૂંટણીને અસર કરશે. જોકે ચૂંટણી પંચે રાજ્યમાં વધુને વધુ મતદાન થાય તે માટે પ્રયાસો શરૂ કર્યા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી બે તબક્કે યાજાશે. મતદાનની બન્ને તારીખે ઘણાબધા લગ્નો પણ યોજાશે. ચૂંટણીને લીધે લગ્નમાં બહારગામ આવવા જવા માટે ખાનગી મોટર જેવા વાહનો ભાડે કરવામાં પણ સમસ્યા સર્જાઇ શકે તેમ છે. કારણ કે ખાનગી મોટર સહિતના વાહનો ચૂંટણી કાર્ય માટે રેક્વિઝેટર કરવામાં આવતા હોય છે. લગ્નો માટે વાડી, હોલ, વિડીયોગ્રાફર, સાઉન્ડ સિસ્ટમ વિગેરેનુ અગાઉથી બુકીંગ કરી દેવાયુ છે. પરંતુ ચૂંટણી તંત્ર વાડી હોલ વિગેરેનો ઉપયોગ કરવા માંગતુ હોય બુકીંગ કેન્સલ થવાની આશંકાએ લગ્ન આયોજકો ચિંતિત બન્યા છે. ચૂંટણીમાં બંદોબસ્ત માટે અન્ય રાજ્યોમાંથી અર્ધ લશ્કરી દળો આવશે,તેમના માટે રહેવાની વ્યવસ્થા માટે મ્યુનિ.ના હોલ, અને વાડીઓ રિઝર્વ રાખવાની સુચના આપી દેવામાં આવી છે. આથી લગ્નો માટે મ્યુનિ.ના હોલ જેમને બુક કરાવ્યા છે. તેમને હવે બીજી વ્યવસ્થા કરવી પડશે.

દેવઊઠી અગિયાસર બાદ હવે લગ્નસરાની સીઝનનો પ્રારંભ થશે. લગ્નો માટે વર અને કન્યા પક્ષ દ્વારા વિવિધ વાડી, હોલ, પાર્ટી પ્લોટ વિગેરેનુ અગાઉથી જ બુકીંગ કરાવી દેવાયું છે. વિડીયોગ્રાફરો, સાઉન્ડ સીસ્ટમ, કેટરર્સ વિગેરેના બુકીંગ પણ ફુલ છે. તેવા સમયે હવે વિવિધ સ્થળે આવનારી ચૂંટણીને અનુલક્ષીને વાડી હોલ જેવા સ્થળો રિકવીઝીટ કરવા આદેશ અપાયા છે. સરકાર હવે જયારે જરૂર પડશે ત્યારે આ વાડી હોલનો કબજો લેશે. આથી જેમણે પોતાના સંતાનોના લગ્નો ગોઠવ્યા છે તેઓ આના કારણે ભારે ચિંતિત બન્યાં છે. ચૂંટણી દરમિયાન જે રીતે તંત્રને વાડી હોલની જરૂરીયાત ઉભી થાય છે તેવી રીતે મોટા પ્રમાણમા વિડીયોગ્રાફરની જરૂરીયાત પણ ઉભી થાય છે. ત્યારે હવે તા.૧ તથા ૫ ડિસેમ્બરે ચુંટણી જાહેર થઈ જતા જેમના ઘરે આ દિવસોમાં લગ્ન પ્રસંગ છે તેઓની ચિંતા વધી ગઈ છે. વાડી હોય કે વિડિયોગ્રાફર આ દિવસમાં મળશે કે કેમ તેની લગ્ન આયોજકોને થવા લાગી છે. કર્મકાંડી પંડિતોના કહેવા મુજબ તુલસી વિવાહ બાદ લગ્નોત્સવ પ્રારંભ થતો હોય છે પણ આ વર્ષે તુલસી વિવાહ સંપન્ન થયા બાદ કારત વદ-૮, ગુરૂવાર તા ૧૭ નવેમ્બર સુધી શુક્રનો અસ્ત હોય લગ્નના મુહૂર્ત નથી. શુક્રના અસ્તમાં કોઇ પણ પ્રકારના શુભ કાર્યો કરવાનો નિષેધ હોય લગ્નના શુભ મુહૂર્ત મળતા નથી. બાદમાં તા. ૨૫ નવેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી લગ્નસિઝન રહેશે.